**<u>ક્રિમીનલ રીવીઝન અરજ નંબરઃ– ૧૭/૨૦૨૦.</u>**

**// આંક – ૮ લગત હુકમ //**

(૦૧) આ કામે પંકજકુમાર બચુભાઈ વેલાણીએ આંક – ૮ થી સદર કામે સુચિત પક્ષકાર તરીકે જોડવા માટે અરજી આપી જણાવેલ છે કે, તેઓ એડવોકેટ છે અને સુચિત સામાવાળા કોર્ટ ઓફીસર છે. તેઓની વિરૂદ્ધ ખોટી ફરીયાદ, ખોટા સાક્ષી પુરાવા ઉભા કરી, કાવતરૂ રચી, અરજદારે પાટણ સીટી " એ " ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૫૭/૨૦૧૮, ઈ. પી. કોડની કલમ – ૩૭૬(ડી), ૩૬૬, ૫૦૬(૧) મુજબ દાખલ કરેલ. આ બનાવ તા.૦૧/૦૭/૨૦૧૮ નો દર્શાવવામાં આવેલ છે. સુચિત સામાવાળા વિરૂદ્ધ સામુહિક બળાત્કાર જેવા ગંભીર પ્રકારના ગુનાનો ખોટો આરોપ મુકી પોલીસ મશીનરીનો કૌશરબાનુનો દુરપયોગ કરેલ છે. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે " બી " સમરી વીથ પ્રોસીક્યુશનનો રીપોર્ટ હકુમત ધરાવતી કોર્ટને આખરી અહેવાલ નં. ૫૯/૨૦૧૮, તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ કરેલો. સદર સમરી નીચેની કોર્ટે તા.૩૦/૦૧/૨૦૨૦ ના રોજ " બી " સમરી વીથ પ્રોસીક્યુશન મંજુર કરવાનો હુકમ કરેલ છે. તેઓએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. ક્રિમીનલ એપ્લી. નં. ૬૮૦૩/૨૦૧૮ ની કરેલી જેમાં તેઓની ફરીયાદ ઉપરથી જાહેર થતો ગુનો પોલીસ અધિકારનો હોય તો એફ.આઈ.આર. રજીસ્ટ્રેશન કરવા હુકમ કરેલ. આ હુકમોના સંદર્ભે તેઓએ કૌશરબાનુ હૈસનખાન બલોચ વિગેરે – ૬ વિરૂદ્ધ ઈ. પી. કોડની કલમ – ૧૨૦(બી), ૫૦૬(૨), ૫૦૦, ૫૧૧, વિગેરે મુજબની એફ.આઈ.આર. તા.૦૫/૦૨/૨૦૨૦ ના રોજ નોંધાવેલ છે. હાલની રીવીઝન અરજીના કામે અરજદારે સુચિત સામાવાળાને ઈરાદાપુર્વક રીવીઝન અરજના કામે સામાવાળા તરીકે જોડેલ નથી. રીવીઝન અરજના વકીલશ્રી બી.કે.પંચાલ તેઓની વિરૂદ્ધ કાવતરૂ રચવામાં સંડોવાયેલા છે અને તેઓને પુરેપુરી જાણ અને સમજ છે. જો સુચિત સામાવાળાને સામાવાળા તરીકે જોડવામાં આવે તો બધીજ હકીકત રીવીઝન અરજના કામે ખુલે તેમ છે. નીચેની કોર્ટનો હુકમ સુચિત સામાવાળાની તરફેણનો હોઈ અને તેઓ જરૂરી પક્ષકાર હોવા છતાં સામાવાળા તરીકે જોડેલ નથી. કોર્ટ કોઈપણ હુકમ થાય તો હુકમની સીધી અસર સુચિત સામાવાળાને છે અને તેઓને સાંભળ્યા વગર રીવીઝન અરજ અગર સ્ટે અરજનો નિર્ણય થઈ શકે તેમ નથી.

કોઈપણ નિર્ણય થાય તો તેની અસર તેઓએ નોંધાવેલ એફ.આઈ.આર. ઉપર પડે તેમ છે. તેથી હાલની રીવીઝન અરજના કામે તેઓને સામાવાળા તરીકે જોડીને સાંભળવા જરૂરી છે. તેઓને રજુઆતની તેમજ જવાબની તક આપવી જોઈએ અને તેથી પણ હાલની આ અરજ કરવાની ફરજ પડેલ છે. જેથી તેઓની અરજીની હકીકત ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરી, હાલની રીવીઝન અરજીના કામે આંક – ૧ તથા આંક – ૪ માં સામાવાળા નં. ૨ તરીકે જોડવા તથા તે મુજબ સુધારો કરવા હાલની અરજી આપી જણાવેલ છે.

(૦૨) આ અરજી અનુંસંધાને અરજદાર તરફે વિ. વકીલશ્રી બી.કે.પંચાલના પ્રોક્ષી વકીલ શ્રી એ.એ.અન્સારી હાજર થયેલ છે. જયારે સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી એસ.એચ.ઠક્કર હાજર થયેલ છે. જયારે સુચિત સામાવાળા તરીકે તેઓ જાતે વિ. વકીલ શ્રી પી.બી.વેલાણી હાજર થયેલ છે.

(૦૩) અરજદાર તરફે વિ. પ્રોક્ષી વકીલશ્રીએ એ.એ.અન્સારીએ દલીલ કરતા જણાવેલ છે કે, " બી " સમરી ફરીયાદમાં ઈન્વેસ્ટીગેશન ઓફીસરે ઓરીજનલ આરોપીને અટક કરેલ નથી. " બી " સમરી ફાઈલ કરેલ છે તેથી તેઓને સાંભળવાનો પ્રશ્ન નથી. આ કામમાં આરોપીને સાંભળવા મેન્ડેટરી નથી. અરજદારે રીવીઝન કરેલ છે તેને આરોપીને જોડેલ નથી. તેને જોડવાનું પ્રોવિઝન નથી. આવી અરજી ક્યાં પ્રોવિઝન હેઠળ આપેલ છે તે જણાવેલ નથી. તેથી તેઓને સાંભળવાની જરૂર નથી. અરજદાર તરફે અલ્હાબાદ હાઈકોર્ટનું રણજીત સિંઘ અને બીજો વિરૂદ્ધ સ્ટેટ ઓફ યુ.પી. નું જજમેન્ટ કુલ ત્રણ જજોની બેંચનું રજુ કરેલ છે. સદર જજમેન્ટ ધ્યાને લેતાં આરોપીને સાંભળવાની જરૂર નથી. જેમાં અગાઉના ૧૯૯૧ ના વર્ષનું જજમેન્ટ ઓવર રૂલ કરેલ છે. જેથી સુચિત સામાવાળાની હાલની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૦૪) જયારે સામાવાળા સરકાર તરફે વિ.પી.પી. શ્રી એસ.એચ.ઠક્કરએ દલીલ કરતા જણાવેલ છે કે, કાયદા મુજબ અરજદારના વિ. વકીલશ્રીની દલીલ સાથે સંમત હોવાનું

જણાવેલ છે.

(૦૫) સુચિત સામાવાળા તરફે વિ.વકીલશ્રી પી.બી.વેલાણીએ દલીલ કરતા જણાવેલ છે કે, તેઓના ઉપર રેપની ખોટી ફરીયાદ લખાવેલ છે. બનાવ વખતે આરોપી પાટણમાં હાજર ન હતા. તેથી જીલ્લા પોલીસ અધિક્ષક અને રાજયના ગૃહમંત્રીને તપાસ કરતા બનાવના દિવસે આરોપી હાજર ન હતા અને તેથી બી સમરી ફાઈલ કરેલ છે. જે રીપોર્ટ બીજા એડી. જયુ. મેજી.શ્રીએ સાંભળવા ઉપર રાખેલ. તેમાં મુળ ફરીયાદીએ લેખીત રજુઆત કરેલ અને આરોપીએ લેખીત દલીલ કરેલ. તા.૩૦/૦૧/૨૦૨૧ ના રોજ " બી " સમરી રીપોર્ટ મંજુર થયેલ. જેથી તેઓએ તા.૦૫/૦૨/૨૦૨૦ ના રોજ કૌશરબાનુ તથા અન્ય વ્યક્તિ વિરૂદ્ધ ફરીયાદ કરેલ છે, જે તપાસ ચાલુ છે. કૌશરબાનુએ નીચેની કોર્ટના હુકમને ચેલેન્જ કરેલ છે. આરોપી એગ્રીવ્ડ પાર્ટી છે, નીચેની કોર્ટે પણ સાંભળેલ છે. અરજદારે આ કામે ઈરાદાપુર્વક પક્ષકાર તરીકે જોડેલ નથી. પક્ષકાર તરીકે જોડવાથી ફરીયાદી(અરજદાર) ને કોઈ નુકશાન નથી. અરજદારને સાંભળવામાં ન આવે તો તેને નુકશાન થાય તેમ નથી. તેથી પક્ષકાર તરીકે જોડવા જણાવેલ છે. સને ૨૦૧૩ માં વિગ્યાન વિક્રમ શાહ વિરૂદ્ધ મહારાજા નરેન્દ્ર શાહના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેથી તેઓની અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૦૬) સુચિત સામાવાળાની દલીલનો જવાબ આપતા અરજદારના વિ. વકીલશ્રી એ.એ.અન્સારીએ દલીલ કરતા જણાવેલ છે કે, ડીસ્ટ્રીક્ટ કોર્ટની કાર પાટીદાર આંદોલનમાં સળગાવેલ છે તે બનાવ અલગ છે.

(૦૭) આ કામે બંને પક્ષકારોની દલીલ સાંભળી. આ કામે પંકજકુમાર બચુભાઈ વેલાણીએ સદર રીવીઝનના કામે તેઓ મુળ કામમાં આરોપી તરીકે હોઈ સદર રીવીઝનના કામે તેઓને સામાવાળા નં. ૨ તરીકે જોડવા માટે હાલની અરજી આપવામાં આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ સદર કામે જે કોઈ હુકમ થાય તો તેની સીધી અસર તેઓને થાય તેમ હોઈ, તેઓને સદર કામે સાંભળવા જરૂરી હોઈ સુચિત પક્ષકાર તરીકે જોડવા જણાવેલ છે. આ

માટે સુચિત સામાવાળા તરફે નામ. ઉત્તરાખંડ હાઈકોર્ટના વિગ્યાન વિક્રમ શાહ વિરૂદ્ધ મહારાજા નરેન્દ્ર શાહના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદો ધ્યાને લેતાં તે કેસને લાગુ પડતો નથી. સદર ચુકાદાવાળા કેસમાં નીચેની કોર્ટે આરોપી વિરૂદ્ધ ગુનાનું કોગ્નીઝન્સ લીધેલ હતું અને તેથી આરોપીએ રીવીઝન કરેલ હતી. જયારે હાલની કેસની હકીકત ધ્યાને લેતાં હાલના અરજદાર મુળ કામમાં ફરીયાદી હતા અને તેમણે ફરીયાદમાં તપાસના અંતે "બી" સમરી ભરવામાં આવેલ અને સદર " બી " સમરી ટ્રાયલ કોર્ટે મંજુર કરી છે. હાલની રીવીઝન મુળ ફરીયાદીએ કરેલ છે. જેથી આ કામમાં આરોપી વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરેલ નથી. તેથી મુળ ફરીયાદી કે જે હાલના કામમાં અરજદાર છે તેમણે રીવીઝન કરેલ છે. આ કામમાં સુચીત પક્ષકાર તરીકે મુળ ફરીયાદના આરોપીએ તેઓને સામાવાળા નં. ૨ તરીકે જોડવા હાલની અરજી કરેલ છે અને તેવા સંજોગોમાં મુળ ફરીયાદમાં રજુઆત થયેલ છે. હાલના આરોપીએ મુળ કામના આરોપી છે. તેથી તેમને કોઈ લોકસ સ્ટેન્ડી નથી કારણકે ટ્રાયલ કોર્ટે કોઈ પ્રોસેસ ઈસ્યુ કરેલ નથી અને તેવી રજુઆતના સમર્થનમાં અરજદાર તરફે રજુ થયેલ અલ્હાબાદ હાઈકોર્ટનો રણજીત સિંઘ અને બીજાઓ વિરૂદ્ધ સ્ટેટ ઓફ યુ.પી.નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં નામ. સુપ્રિમ કોર્ટના યુનિયન ઓફ ઈન્ડીઆ વિરૂદ્ધ ડબલ્યુ.એન.ચૌધરી, એ.આઈ.આર. ૧૯૯૩ એસ.સી. ૧૦૮૨ ના ચુકાદાનો ઉલ્લેખ થયેલ છે. જેમાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ આરોપીને તપાસની મેનર અને મેથડ બાબતે કંઈ કહેવાનો હક્ક અધિકાર નથી અને તપાસની કાર્યવાહી દરમિયાન આરોપીને તેમાં ભાગ લેવાનો અધિકાર નથી. કોર્ટ તરફે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૪ મુજબ જયાં સુધી પ્રોસેસ ઈસ્યુ કરવામાં ન આવે ત્યાં સુધી આરોપીને કોઈ અધિકાર નથી. સદર ચુકાદો ધ્યાને આ કામના સુચીત સામાવાળા કે જે મુળ ફરીયાદના આરોપી છે, તેમને આ કામમાં લોકસ સ્ટેન્ડી હોવાનું જણાઈ આવતું નથી. તેથી તેઓને પક્ષકાર તરીકે જોડવાનું યોગ્ય જણાતું નથી. આમ, અરજદાર તરફે રજુ થયેલ સમગ્ર ચુકાદો ધ્યાને લેતાં સુચિત સામાવાળાને સાંભળવા જરૂરી હોવાનું જણાઈ આવતું નથી. જેથી આ સંજોગોમાં સુચિત સામાવાળાની અરજી અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

–– પંકજકુમાર બચુભાઈ વેલાણીની સદર રીવીઝન અરજીના કામે સામાવાળા નં. ૨ તરીકે જોડવાની આંક – ૮ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે. આ હુકમ આજરોજ, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૦૮/૨૦૨૧.

પાટણ.

**( દિલીપ આણંદજીભાઈ હીંગુ )**
સેશન્સ જજ,
**પાટણ.**
( **Judge U.I.Code No. GJ** 00403 )

( **BKP** )